Extra No. 379

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, DECEMBER 1, 2025 / AGRAHAYANA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડીસેમ્બર, ૨૦૨૫

બેચર-બેચરાજી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બેચર-બેચરાજી-યુનિટ-૨-૨૦૨૫.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ ૬ની પેટા-કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ ૬ની પેટા-કલમ ૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬ની પેટા-કલમ (૩)ના પેટા-ખંડ (ગ) મુજબ દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડોની સંખ્યા તથા બેઠકોની સંખ્યા (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ GV/334 of 2025/UDUHD/FOM/e-file/18/2025/0736/M, તા.૧૭/૦૯/૨૦૨૫થી મહેસાણા જિલ્લાની બેચર-બેચરાજી ગ્રામ પંચાયતને “Smaller Urban Area” તરીકે જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ KV/335 of 2025/UDUHD/FOM/e-file/18/2025/0736/M, તા.૧૭/૦૯/૨૦૨૫થી ઉક્ત “Smaller Urban Area” ને બેચર-બેચરાજી નગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/342 of 2025/UDUHD/FOM/e-file/18/2025/0736/M, તા. ૨૦/૦૯/૨૦૨૫થી સને ૨૦૧૧ની વસતી આધારે બેચર-બેચરાજી નગરપાલિકા માટે કુલ ૬ વોર્ડો અને ૨૪ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે ઉક્ત જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૭ની પેટા-કલમ ૨ના ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/342 of 2025/UDUHD/FOM/e-file/18/2025/0736/M, તા. ૨૦/૦૯/૨૦૨૫થી નક્કી થઇ આવેલ વોર્ડોની સંખ્યા તથા બેઠકોની સંખ્યા અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી 'નિયમો' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓ ધ્યાને લઇ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગે થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ના વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતી ૧૨૫૭૪ છે. જાહેરનામા પ્રમાણે નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતી ૨૦૯૬ થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી કરેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડદીઠ સરેરાશ વસતીની સરખામણીએ વોર્ડ નં. ૨માં ૧૭.૨૮% વધ અને વોર્ડ નં. ૬માં ૧૨.૬૫% ઘટ સિવાય બીજા કોઇ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦ % વસતીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૮. નિયમોના નિયમ-૩ની જોગવાઇઓ ધ્યાનમાં રાખી શહેરના ૬ વોર્ડોનું આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં વસતીની ટકાવારી ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓની વસતીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમમાં આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકામાં અનુસૂચિત જાતિ માટે ૧ (એક) બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ બેચર-બેચરાજી નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત જાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૪	૧૯૮૫	૧૯૦	૯.૫૮
૨	૬	૧૮૩૦	૭૯	૪.૩૨
૩	૧	૨૧૯૭	૮૩	૩.૭૮
૪	૫	૨૧૩૧	૭૪	૩.૪૭
૫	૨	૨૪૫૭	૫૮	૨.૩૬
૬	૩	૧૯૭૪	૩૭	૧.૮૭
કુલ		૧૨૫૭૪	૫૨૧	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪માં નિયમોના નિયમ ૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. નિયમોના નિયમ ૬(ક) હેઠળ અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪માં ફાળવવામાં આવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	ફાળવેલ બેઠક
૧	૧	૪	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે બેચર-બેચરાજી નગરપાલિકામાં અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૨૧૯૭	૪૪	૨.૦૦
૨	૨	૨૪૫૭	૧૮	૦.૭૩
૩	૬	૧૮૩૦	૮	૦.૪૪
૪	૩	૧૯૭૪	૪	૦.૨૦
૫	૪	૧૯૮૫	૦	૦.૦૦
૬	૫	૨૧૩૧	૦	૦.૦૦
કુલ		૧૨૫૭૪	૭૪	

૧૬. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૦-૦૯-૨૦૨૫ના જાહેરનામામાં બેચર-બેચરાજી નગરપાલિકામાં અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ ન હોઈ અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાની થતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૬ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૩ બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારિત થયેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ ૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડો ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૮. બેચર-બેચરાજી નગરપાલિકાના સૂચિત ૬ વોર્ડોની વસતી, દરેક વોર્ડમાં પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પછાતવર્ગની કુલ અંદાજીત વસતી	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૬	૧૮૩૦	૧૫૮૯	૮૬.૮૩
૨	૫	૨૧૩૧	૧૮૪૨	૮૬.૪૪
૩	૩	૧૯૭૪	૧૪૫૬	૭૩.૭૬
૪	૪	૧૯૮૫	૧૨૮૯	૬૪.૯૪
૫	૨	૨૪૫૭	૧૦૪૬	૪૨.૫૭
૬	૧	૨૧૯૭	૮૪૬	૩૮.૫૧
કુલ		૧૨૫૭૪	૮૦૬૮	

૧૯. પછાતવર્ગની વસતીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧ થી ૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં. ૬, ૩ અને ૨માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૫, ૪ અને ૧માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે.

આથી, નિયમોના નિયમ-૬ હેઠળ પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

અ. નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	ફાળવેલ બેઠક
૧	૧	૬	પછાતવર્ગ
૨	૨	૫	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૩	પછાતવર્ગ
૪	૪	૪	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૨	પછાતવર્ગ
૬	૬	૧	પછાતવર્ગ સ્ત્રી

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠકો સહિત) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને ત્યારબાદ બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને બેચર-બેચરાજી નગરપાલિકા માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન વોર્ડોની હદ રેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા પ્રમાણે વોર્ડવાર બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે અને આથી જાહેર જનતાની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી દસ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મહેસાણાને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ બેચર-બેચરાજી નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બેચર-બેચરાજી-યુનિટ-૨-૨૦૨૫, તા. ૦૧/૧૨/૨૦૨૫નું બિડાણ

અનુસૂચિ-૧

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧	૧૦	૧૧	૩૯	૭૯૯	૧ થી ૧૪૬	મહેશ્વરી સોસાયટી, બહુચર આર્કેડ કોમ્પ્લેક્ષ, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, પંચવટી
	૧૬/૧	૬૧	૦	૭૩૧	૧ થી ૧૬૫	તુરી વાસ, પાવૈયા વિસ્તાર, બેચરાજી પ્રાથમિક શાળા, પ્રજાપતિ ધર્મશાળા, બજારની દુકાનો, પાવૈયાની ધર્મશાળા, પાવૈયા વિસ્તાર, ભોલા પંચાલની ધર્મશાળા, કડિયાની ધર્મશાળ, ડીસ્ટ્રીક્ટ બેંક
	૧૬/૨	૫	૦	૧૨૧	૧૬૬ થી ૧૯૦	દયાનંદ કોમ્પ્લેક્ષ, રુદ્રાક્ષ ગેટ, ઉમિયામાતા મંદિર
	૧૭	૬	૫	૫૪૬	૧ થી ૧૫૪	બહુચર સોસાયટી, ઉમિયાપથીક આશ્રમ, હરગોવનપુરા, ગંજબજાર, પનામાનગર
	કુલ	**૮૩**	**૪૪**	**૨૧૯૭**		

વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન:- મારુતી સુઝુકી કંપનીમાં જતી રેલ્વે લાઈનને અડીને આવેલ સર્વે નંબર ૩૭૧ની વાયવ્ય દિશાથી પૂર્વ દિશા તરફ જતા સર્વે નંબર ૩૭૪ના છેડેથી શંખલપુર જવાના રેલ્વે નેળીયુ પસાર કરીને રણુંજ રેલ્વે લાઈન પસાર કરીને આવેલ સર્વે નંબર ૪૩૬, ૪૩૯થી આગળ શંખલપુર તરફ જવાના રોડને પસાર કરીને, સર્વે નંબર ૪૪૧માં આવેલ શરણમા બંગ્લોઝથી પૂર્વ દિશા તરફ સર્વે નંબર ૪૫૫માં આવેલ ગ્રીન સીટી સોસાયટી પસાર કરીને એંદલા તરફ જવાના નેળીયુ પસાર કરીને સર્વે નંબર ૪૭૮માં આવેલ પ્રાર્થના સોસાયટીથી પૂર્વ તરફ આવેલ એંદલા ગામ તરફના તળાવથી આગળ એંદલા ગામ તરફનો રોડ પસાર કરી સર્વે નંબર ૪૮૩થી, ઉત્તર પૂર્વ દિશાની હદથી સર્વે નંબર ૪૮૪, ૪૮૫, ૪૮૬માં પસાર થઈને દક્ષિણ તરફ સહજાનંદ નર્સીંગ કોલેજની નજીક આવેલ સર્વે નંબર ૪૯૧, ૪૯૨, ૪૯૯થી પૂર્વ દક્ષિણથી સર્વે નંબર ૫૦૦, ૫૦૧, ૫૦૬, ૫૦૫ના છેડેથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નંબર ૪૬૭માં આવેલ રાધાકૃષ્ણ સોસાયટી, સર્વે નંબર ૪૬૬માં આવેલ માધવ બંગલોઝથી સર્વે નંબર ૪૬૫માં આવેલ સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, ૪૬૫/૧ શરણમા બંગલોઝથી શંખલપુરવાળા રેલ્વે ગરનાળા અંદરથી દક્ષિણ દિશા તરફ બજાર બાજુ સર્વે નંબર ૪૧૪ માં આવેલ બહુચર આર્કેડ, સર્વે નંબર ૪૧૩માં આવેલ ગંજ બજાર, સર્વે નંબર ૩૯૨માં આવેલ પનામા નગરથી દક્ષિણ દિશાના હદથી, દયાનંદ કોમ્પ્લેક્ષ, સર્વે નંબર ૩૯૨માં આવેલ ઉમિયા વાડી ગેટ (દ્વાર) થી પશ્ચિમ તરફ આવેલ સર્વે નંબર ૩૯૧માં આવેલ ઉમિયા વાડીના છેડેથી દક્ષિણ તરફ ગોલ્ડન ઓએસીસ હોટલના છેડેથી પાવરગ્રીડને અડીને આવેલ સર્વે નંબર ૩૫૯થી ઉત્તર તરફ સર્વે નંબર ૩૬૪ના છેડાથી પશ્ચિમ તરફ અને ત્યારબાદ મારુતી કંપનીમાં જતી રેલ્વે લાઈનને સર્વે નંબર ૩૭૦, ૩૭૧થી ઉત્તર તરફ સર્વે નંબર ૩૭૧ના વાયવ્ય દિશાના છેડા સુધી.

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૨	૭	૪	૧	૫૨૬	૧ થી ૧૩૦	રાજેશ્વરી સોસાયટી
	૮	૦	૧૪	૭૩૭	૧ થી ૧૫૨	અલકાપુરી સોસાયટી, કૃષ્ણનગર, નર્મદાનગર, અંબિકાનગર, શિવમ બંગલોજ, ગણેશનગર, વૃંદાવન સોસાયટી, વસુંધરા સોસાયટી
	૯/૧	૪૨	૩	૮૦૩	૧ થી ૧૪૪	નંદનવન, શક્તિનગર, રીટાપાર્ક
	૯/૨	૧૨	૦	૩૯૧	૧૪૫ થી ૨૧૭	વૃંદાવન સોસાયટી, વસુંધરા સોસાયટી, અલકાપુરી સોસાયટી, શક્તિનગર, ગણેશનગર
	કુલ	**૫૮**	**૧૮**	**૨૪૫૭**		

વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન :- કાલરી ગામ તરફ જતા નેળીયાની અડીને આવેલ સર્વે નંબર ૫૨૬ની વાયવ્ય દિશાથી ઉત્તર તરફ જતા સર્વે નંબર ૫૨૭, ૫૩૦, ૫૩૧ના છેડેથી સર્વે નંબર ૫૩૧ના ઉત્તર પશ્ચિમ છેડેથી સર્વે નંબર ૫૩૨ તરફ પૂર્વ દિશામાં ત્યારબાદ સર્વે નંબર ૫૩૨ની ઉત્તર દિશા તરફ જઈને બેચરાજી-કાલરી રોડના છેડા સુધી, સર્વે નંબર ૫૩૨ના બેચરાજી-કાલરી રોડના છેડેથી પૂર્વ તરફ સર્વે નંબર ૫૩૩, ૫૩૪, ૫૩૬ના ઉત્તર દિશાના છેડે સર્વે નંબર ૫૩૭ની હદ સુધી, સર્વે નંબર ૫૩૭ની ઉત્તર પૂર્વ હદથી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નંબર ૫૩૮, ૫૩૯, ૫૫૬, ૫૫૭, ૫૫૮ સુધી સર્વે નંબર ૫૫૯ના ઉત્તર પૂર્વ છેડેથી દક્ષિણ દિશા તરફ કાલરીવાળા નેળીયાને અડીને આવેલ સર્વે નંબર ૫૬૦, ૫૬૮, ૫૬૯, ૫૭૮, ૫૯૬, ૫૯૭ સુધી, બેચરાજી-મોઢેરા હાઈવે પસાર કરીને સર્વે નંબર ૬૧૧માં આવેલ રબારી સમાજ ધર્મગુરુ ગાદીથી દક્ષિણ તરફ સર્વે નંબર ૬૧૩માં આવેલ તિરૂપતી વિભાગ-૨ની હદથી રેલ્વે લાઈન તરફ સર્વે નંબર ૬૨૩માં આવેલ તિરૂપતી વિભાગ - ૪થી સર્વે નંબર ૬૩૧ પૈકી સુધી, સર્વે નંબર ૬૩૧ પૈકીથી પશ્ચિમ તરફ બેચરાજી-કટોસણ રેલ્વે લાઈનને અડીને બેચરાજી-કાલરી રેલ્વે ફાટક સુધી, બેચરાજી-કાલરી રેલ્વે લાઈન તથા બેચરાજી-મોઢેરા રોડથી બહુચરાજી રેલ્વે સ્ટેશનના દક્ષિણ છેડેથી ઉત્તર પશ્ચિમ દિશા તરફ રેલ્વે સ્ટેશનના છેડે આવેલ નર્મદાબા હોસ્પીટલ સુધી, નર્મદાબા હોસ્પીટલથી બેચરાજી-શંખલપુર રેલ્વે ગરનાળું પસાર કરી રેલ્વે ગરનાળાના છેડા સુધી, રેલ્વે ગરનાળાના છેડેથી પૂર્વ - દક્ષિણ દિશા તરફ રેલ્વે લાઈનના છેડાને અડીને બી.આર.સી.એલ. કચેરી સુધી, બી.આર.સી.એલ. કચેરીથી કાલરી તરફ જતા કાચા રસ્તા પર સર્વે નંબર ૫૦૭, ૫૧૦, ૫૧૧, ૫૧૩, ૫૧૭, ૫૧૮ સુધી, સર્વે નંબર ૫૧૮, ૫૨૨, ૫૨૩ ની પશ્ચિમ દિશાની હદના છેડે છેડે ઉત્તર તરફ કાલરી ગામ તરફ જતા નેળીયાને અડીને આવેલ સર્વે નંબર ૫૨૬ની વાયવ્ય દિશાની હદ સુધી.

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૩	૧૩	૦	૦	૪૬૪	૧ થી ૧૨૩/૨	વાલ્મિકી વાસ, ઈન્દીરાનગર વિસ્તાર, ખાંસીરાવપુરા વિસ્તાર, જૂની ટેલીફોન ઓફિસ, મેળાનું મેદાન
	૧૫	૧૩	૦	૩૨૦	૧ થી ૫૮/૨	બાવાની વાડી, પાવૈયા વિસ્તાર, નવદુર્ગા ચોક, ચૌધરી વિશ્રાંત ગૃહ, ઠક્કરનો ડેલો, રાણાની વાડી, ખત્રીની ધર્મશાળા

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
	૧૮	૫	૦	૩૮૭	૧ થી ૪૬૦/૨	શેઠની લાટી, કન્યા વિદ્યાલય, ધર્મશાળા, રામજી મંદિર, પંચાલ વાસ, નીચલી બજાર, ઉપલી બજાર, રેલ્વે સ્ટેશન રોડ
	૧૯	૧	૪	૨૨૩	૧ થી ૧૨૦	રેલ્વે કોલોની, જૈન ચાલી, નાના કેશાની ચાલી, બસ સ્ટેશન સામેનો વિસ્તાર, ઠાકોર વાસ, આદિત્ય કોમ્પ્લેક્ષ, માધુભાઈનુ દવાખાનું
	૨૦	૪	૦	૧૯૩	૧ થી ૮૬	બ્રહ્મસમાજની વાડી, સરકારી ધર્મશાળા, કાશી વિશ્વનાથ મંદિર, નારણપુરા ધર્મશાળા, ગજાનંદ કોમ્પ્લેક્ષ
	૨૧	૧૪	૦	૧૬૯	૧ થી ૬૬	માતાનો ચોક તથા આજુબાજુનો વિસ્તાર
	૨૨	૦	૦	૩૦	૧ થી ૨૫/૫	બ્રાહ્મણપોળ રસ્તો, સમર્પણ વાડી, પ્રજાપતિ ધર્મશાળા
	૨૩	૦	૦	૧૮૮	૧ થી ૭૫	માન સરોવર, સુખડીયા ધર્મશાળા, મોદી સમાજની ધર્મશાળા તથા આજુબાજુનો વિસ્તાર
	કુલ	**૩૭**	**૪**	**૧૯૭૪**		

વોર્ડ નં. ૩ ની હદનું વર્ણન:- સર્વે નંબર ૩૯૩/૩ના વાયવ્ય દિશાના છેડાથી સર્વે નંબર ૩૯૩/૩માં આવેલ પ્રતિષ્ઠા સોસાયટીની ઉત્તર દિશા તરફની હદથી સર્વે નંબર ૩૯૩/૧માં આવેલ નવદુર્ગા સોસાયટી થઈને સર્વે નંબર ૩૯૩/૧માં આવેલ ચૌધરી સમાજની વાડી સુધી, ચૌધરી સમાજની વાડીથી ઉત્તર દિશા તરફ સર્વે નંબર ૩૯૬/૨ના પશ્ચિમ છેડે આવેલ રોડને અડીને ઉત્તર દિશા તરફ બેચરાજી રેલ્વે સ્ટેશનના દક્ષિણ છેડા સુધી, બેચરાજી રેલ્વે સ્ટેશનના દક્ષિણ છેડાથી પૂર્વ દક્ષિણ તરફ સર્વે નંબર ૪૧૨ના છેડેથી ઉત્તર દિશાના વાયવ્ય ખુણાથી, કાશીબા પ્રહલાદ ફ્લેટ સુધી, સર્વે નંબર ૪૧૧ માં આવેલ પ્રહલાદ નગર, સર્વે નંબર ૪૦૯/૧માં આવેલ પંચાલવાસની હદથી બેચરાજી મેઈન બજાર રોડ પસાર કરી પટેલ દ્વારકાવાલ દાસ રહેણાંકના મકાન સુધી, સર્વે નંબર ૪૦૮માં આવેલ રેલ્વે વિસ્તાર બજાર તથા રેલ્વે કોલોની, સર્વે નંબર ૪૧૦/૧ના છેડેથી સર્વે નંબર ૪૧૦માં આવેલ આદિત્ય કોમ્પ્લેક્ષ સુધી, આદિત્ય કોમ્પ્લેક્ષથી ઉત્તર પૂર્વ ખુણા તરફ સર્વે નંબર ૪૦૭ની હદ સુધી, સર્વે નંબર ૪૦૭ના ઉત્તર દિશા તરફના ખુણાથી પૂર્વ દક્ષિણ દિશા તરફ સર્વે નંબર ૪૦૩માં આવેલ સોમેશ્વર ટ્રાય એંગલ કોમ્પ્લેક્ષના ઉત્તર છેડેથી સર્વે નંબર ૪૦૫ના પૂર્વ ખુણા તરફ સર્વે નંબર ૪૦૫માં આવેલ વૈભવ ગજાનંદ કોમ્પ્લેક્ષથી દક્ષિણ પશ્ચિમ ખુણા તરફ સર્વે નંબર ૪૦૨માં આવેલ નારણપુરા વાડી, પોલીસ લાઈનના છેડાથી હાઈવે સર્કલ સુધી, હાઈવે સર્કલથી ઉત્તર દિશામાં મેળાના મેદાન, બેચરાજી કુમારશાળા, વાલ્મિકી વાસના છેડા સુધી, વાલ્મિકી વાસના છેડાથી ઈન્દિરા નગર સુધી, ઈન્દિરા નગર થઈને સર્વે નંબર ૩૯૩/૨ના પશ્ચિમ દક્ષિણ ખુણાની હદ સુધી, સર્વે નંબર ૩૯૩/૨ના પશ્ચિમ દક્ષિણ ખુણાની હદથી સર્વે નંબર ૩૯૩/૩ના વાયવ્ય દિશાના છેડા સુધી.

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૪	૧૨/૧	૦	૦	૭૨૯	૧ થી ૨૧૩	ઈન્દીરાનગર વિસ્તાર
	૧૨/૨	૦	૦	૩૭૩	૨૧૪ થી ૩૧૮	ઈન્દીરાનગર વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
	૧૪/૧	૧૪૬	૦	૭૯૫	૧ થી ૧૪૫/૧	ઈન્દીરાનગર પ્રાથમિક શાળા, ગાંધીવિહાર સોસાયટી, વાલ્મિકી વાસ, બજાણીયા વાસ, કાંગસિયા વાસ, ઠાકોર વાસ, ઈન્દીરાનગર
	૧૪/૨	૪૪	૦	૮૮	૧૪૫/૨ થી ૧૫૩	ઈન્દીરાનગર વિસ્તાર વસાહત, તુરીનગર, બજાણીયા વાસ, કાંગસિયા વાસ, ગાંધીવિહાર સોસાયટી, ઠાકોર વાસ, વાલ્મિકી વાસ, ખાંસીરાવપુરા, બાવાની વાડી વિસ્તાર, ઠક્કરનો ડેલો, જૂની ટેલીફોન ઓફિસ
	કુલ	**૧૯૦**	**૦**	**૧૯૮૫**		

વોર્ડ નં. ૪ની હદનું વર્ણન:- સંકલ્પ રેસીડેન્સીની વાયવ્ય દિશા તરફની હદથી ઉત્તર દિશા તરફ બેચરાજી ફિંચડી રોડની હદ સુધી, બેચરાજી ફિંચડી રોડથી સર્વે નંબર ૩૫૮, ૩૫૯ પૈકી, સર્વે નંબર ૩૫૫માં આવેલ ખોડીયાર નગરની ઉત્તર દિશાના છેડે છેડે સર્વે નંબર ૩૫૪ પૈકીમાં આવેલ શ્યામ સોસાયટી સુધી, શ્યામ સોસાયટીથી ઉત્તર પૂર્વ ખુણા તરફથી સર્વે નંબર ૩૫૩ના છેડે છેડે ઉમિયા પથિકાશ્રમના છેડા સુધી, ઉમિયા પથિકાશ્રમના છેડેથી દક્ષિણ દિશા તરફ ઇન્દિરા નગરના છેડા સુધી, ઇન્દિરા નગરના છેડેથી પૂર્વ દિશા તરફ બેચરાજી મેઈન બજારના છેડા સુધી, બેચરાજી મેઈન બજારના છેડાથી દક્ષિણ દિશા તરફ કુમાર પ્રાથમિક શાળા બેચરાજીના ખુણા સુધી. કુમાર પ્રાથમિક શાળા બેચરાજીથી દક્ષિણ દિશા તરફ વાલ્મિકી વાસના પૂર્વ છેડેથી સર્વોદય હાઈસ્કૂલ બેચરાજીના ખુણા સુધી, સર્વોદય હાઈસ્કૂલ બેચરાજીના ખુણાથી દક્ષિણ દિશા તરફ મામલતદાર કચેરી બેચરાજી, બજાણિયા વાસના છેડેથી હારીજ સર્કલના ખુણા સુધી, હારીજ સર્કલના ખુણાથી બેચરાજી હારીજ રોડ પર ઉત્તર પશ્ચિમ દિશા તરફ પ્રાંશુ હોસ્પીટલ, ઉમા આર્કેડ, સંકલ્પ સીટી થઈને સંકલ્પ રેસીડેન્સીના વાયવ્ય ખુણા સુધી.

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૫	૧	૫૧	૦	૩૮૪	૧ થી ૬૯	વાલ્મિકી વાસ તથા આજુબાજુનો વિસ્તાર
	૨	૦	૦	૪૧૮	૧ થી ૧૦૨	સોનીની ધર્મશાળાના આજુબાજુનો વિસ્તાર
	૩	૦	૦	૩૬૦	૧ થી ૧૨૨	ઉમિયા વાસ, પટેલ વાસ, વાળંદ વાસ, પંચાલ વાસ, ઠાકોર વાસ, બ્રાહ્મણ વાસ, ટેકરા વાસ
	૪	૦	૦	૨૫૨	૧ થી ૧૨૩	સુથાર વાસ, વાણીયા વાસ, રુદાતલા વાસ, લીલા મુખીનો વાસ, ઠાકોર વાસ
	૬	૨૩	૦	૭૧૭	૧ થી ૩૩૦	વાડિયું વિસ્તાર, ઠાકોર વાસ, મનુભાઈની જીન, દેવીપુજક વાસ તથા રાવળ વાસ, વૈજનાથ પાર્ક સોસાયટી.
	કુલ	**૭૪**	**૦**	**૨૧૩૧**		

વોર્ડ નં. ૫ ની હદનું વર્ણન:- મામલતદાર કચેરી બેચરાજીના વાયવ્ય દિશાના ખુણાથી ઉત્તર પૂર્વ દિશામાં બેચરાજી મહેસાણા હાઈવે રોડ, સ્મશાન પોલીસ સ્ટેશન, એસ ટી. વર્કશોપ ગ્રાઉન્ડ (હેલીપેડ) થઈને બેચરાજી કાલરી રેલ્વે ફાટક સુધી, બેચરાજી કાલરી રેલ્વે ફાટકથી પૂર્વ દિશામાં સર્વે નંબર ૬૦૬માં આવેલ ગાયત્રી મંદિર, સર્વે નંબર ૬૧૯માં આવેલ ન્યાય મંદિર (સીવીલ કોર્ટ), સર્વે નંબર ૬૨૪માં આવેલ અક્ષરધામ સોસાયટીની ઉત્તર દિશા તરફની હદથી સમર્પણ ગ્રીન્સ સોસાયટીના ખુણા સુધી, સમર્પણ ગ્રીન્સ સોસાયટીના ખુણાથી દક્ષિણ દિશામાં આવેલ શ્રી વલ્લભકુંજ રેસીડેન્સી, શ્રી વલ્લભ ભટ્ટની વાવના ઉત્તર પૂર્વ દિશા તરફની હદથી સર્વે નંબર ૧૦૬ના ખુણા સુધી, સર્વે નંબર ૧૦૬ના ખુણાથી દક્ષિણ દિશા તરફ શ્રી બાલા હનુમાનજી તરફ જવાના નેળીયાને પસાર કરી પ્રાતપગઢ જવાના નેળીયાના ખુણા સુધી, પ્રાતપગઢ જવાના નેળીયાથી પૂર્વ દક્ષિણ દિશામાં નેળીયાના રસ્તે બેચરાજી ડેડાણા રોડના ખુણા સુધી, બેચરાજી ડેડાણા રોડથી ઉત્તર તરફ જતા મનુભાઈની જીનને અડીને આવેલ તળાવના ખુણા સુધી, તળાવના ખુણાથી પશ્ચિમ દિશાના નગરપાલિકા વોટર વર્કસ થઈને નર્મદેશ્વર મહાદેવ સુધી, નર્મદેશ્વર મહાદેવથી ગામતળમાં પશ્ચિમ દિશામાં જઈ ઉત્તર દિશા તરફ ઉમિયા વાસના છેડા સુધી, ઉમિયા વાસના છેડાથી ઉત્તર દિશામાં બેચરાજી વિઠ્ઠલાપુર રોડના ખુણા સુધી, બેચરાજી વિઠ્ઠલાપુર રોડના ખુણાથી ઉત્તર દિશામાં મામલતદાર કચેરી બેચરાજીના વાયવ્ય ખુણા સુધી.

બેચર-બેચરાજી નગરપાલિકા, જિલ્લો મહેસાણા

વોર્ડ નં. ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ. જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૬	૫/૧	૦	૦	૭૪૨	૧ થી ૨૭૩	બાલાજી સોસાયટી, ઉમિયા પાર્ક સોસાયટી તથા આજુબાજુનો વિસ્તાર
	૫/૨	૦	૦	૩૨૬	૧ થી ૭૬	અન્નપુર્ણા સોસાયટી, આશાપુરા સોસાયટી, સાશ્વત બંગલોજ
	૧૧	૭૯	૮	૭૬૨	૧ થી ૨૮૨	વાલ્મિકી વાસ રાવળ વાસ, ભરવાડ વાસ, ઠાકોર વાસ
	કુલ	**૭૯**	**૮**	**૧૮૩૦**		

વોર્ડ નં. ૬ ની હદનું વર્ણન:- આઈ.ટી.આઈ. બેચરાજીના વાયવ્ય ખુણાથી જેટકો સબસ્ટેશન બેચરાજી થઈને બેચરાજી હારીજ હાઈવેના ખુણા સુધી, બેચરાજી હારીજ હાઈવેના ખુણાથી પૂર્વ દિશા તરફ સર્વે નંબર ૩૪૮માં આવેલ શિવાલીક આર્કેડ, સર્વે નંબર ૩૪૫માં આવેલ કે. બી. હોસ્પીટલ, સર્વે નંબર ૩૪૩માં આવેલ બેસ્ટ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલની ઉત્તર દિશા તરફની હદથી હારીજ સર્કલના ખુણા સુધી, હારીજ સર્કલના ખુણાથી દક્ષિણ દિશા તરફ બેચરાજી વિઠ્ઠલાપુર રોડના ખુણા સુધી, બેચરાજી વિઠ્ઠલાપુર રોડના ખુણાથી લઈને ભરવાડ વાસ, રામાપીર મંદિર વિસ્તાર સુધી, રામાપીર મંદિરથી બેચરાજી ગામતળ તથા ઉમિયા વાસના છેડાથી દક્ષિણ દિશા સુધી, ઉમિયા વાસના દક્ષિણ દિશા તરફના છેડાથી નર્મદેશ્વર મહાદેવ સુધી, નર્મદેશ્વર મહાદેવથી મનુભાઈની જીનને અડીને આવેલ તળાવના ખુણા સુધી, તળાવના ખુણાથી બેચરાજી ડેડાણા રોડને અડીને આવેલ સર્વે નંબર ૧૯૭, ૧૯૪, ૧૯૩, ૧૮૨ ૧૮૧, ૧૭૯ની પૂર્વ દિશા તરફની હદથી સર્વે નંબર ૧૭૯ ના દક્ષિણ ખુણા સુધી, સર્વે નંબર ૧૭૯ના દક્ષિણ ખુણાથી પશ્ચિમ તરફ જુના બેચરાજી નેળીયા રોડને પસાર કરી સર્વે નંબર ૨૧૩ના દક્ષિણ છેડેથી આગળ જતા બેચરાજી SIR (સર)ના રસ્તાને પસાર કરીને દક્ષિણ પશ્ચિમ દિશા તરફ સર્વે નંબર ૨૪૦ના દક્ષિણ છેડેથી સર્વે નંબર ૩૦૯ના ખુણા સુધી, સર્વે નંબર ૩૦૯ના ખુણાથી ઉત્તર દિશામાં સર્વે નંબર ૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૬, ૩૧૭, ૩૧૮, ૩૨૦, ૩૨૧, ૩૨૩ની પશ્ચિમ દિશા હદ તથા બેચરાજી SIR (સર)ના રસ્તાને પસાર કરીને સર્વે નંબર ૩૨૬માં આવેલ શિવધારા રેસીડેન્સી સુધી, શિવધારા રેસીડેન્સીથી બેચરાજી વિઠ્ઠલાપુર રોડ પસાર કરીને આઈ. ટી. આઈ. બેચરાજીના વાયવ્ય ખુણા સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બેચર-બેચરાજી-યુનિટ-૨-૨૦૨૫, તા. ૧/૧૨/૨૦૨૫નું સાંધણ

અનુસૂચિ-૨

બેચર-બેચરાજી નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૨૫૭૪		
કુલ વોર્ડની સંખ્યા	૬		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૦૯૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૨૩૦૫
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૧૮૮૭
બેઠકોની સંખ્યા	૨૪		
કુલ સ્ત્રી બેઠકો	૧૨	(અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી	
કુલ અનામત બેઠકો	૧૬		
સામાન્ય બેઠકો	૦૮		

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૨૧૯૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૪૫૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૧૯૭૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૧૯૮૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૨૧૩૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૧૮૩૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
કુલ		**૧૨૫૭૪**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.12.05 15:48:47 IST